Extra No. 2
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] THURSDAY, JANUARY 1, 2026 / PAUSA 11, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણમાં લીધું ::-**

- કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં.પીબી/જનરલ/૬૦૩૨/૨૦૨૫, તા.૧૯/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું**

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૬૩૪૦ થી ૧૬૪૦૪/૨૦૨૫ - કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના જા.નં. પીબી/જનરલ/૬૦૩૨/૨૦૨૫ તા.૧૯/૧૨/૨૦૨૫થી હારીજ પેટા વિભાગ હસ્તકના ગુજરવાડા-ધધાણા રોડ કિ.મી. ૦/૦ થી ૭/૭૦૦ વચ્ચે રસ્તા પર સી.સી.રોડની કામગીરીનો વર્કઓર્ડર ઈજારદારશ્રી સરસ્વતી કન્સ્ટ્રક્શન કું., રાધનપુરને તા. ૨૯/૦૮/૨૦૨૫ થી આપવામાં આવેલ હોઈ સદર રસ્તા પર ટુંક સમયમાં પી.ક્યુ.સી. (સી.સી.રોડ) ની કામગીરી શરૂ થનાર છે. આ રસ્તા પર મોટી સંખ્યામાં વાહનોની અવર-જવરના લીધે કામની કામગીરી શરૂ થઈ શકે નહી તેમજ વાહનોની અવર-જવર કામની ગુણવત્તા, લાઈન લેવલને અસર કરે તેમ હોઈ તથા કરેલ કામગીરી વારંવાર ડીસ્ટર્બ થવા પામતી હોઈ સદર રસ્તા પર તમામ પ્રકારના વાહનોનો ટ્રાફીક બંધ કરી નીચે મુજબના વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણએ અત્રે દરખાસ્ત કરેલ છે.

| ૧. | રૂટ | રસ્તાનો પ્રકાર | અંતર |
|---|---|---|---|
| | ધધાણા-કુંભાણા-એકલવા-ચાબખા-સરવાલ (કુલ લંબાઈ: ૧૫.૦૦ કિ.મી. -રાધનપુર- હારીજ-મહેસાણા રોડ સરવાલ જંકશન સુધી) (તમામ વાહનો માટે) | એમડીઆર | ૧૫.૦૦૦ કિ.મી. |
| ૨. | સરવાલ-જંકશન થી સમી-જંકશન | એમડીઆર | ૮.૦૦૦ કિ.મી. |

સબબ, હારીજ પેટા વિભાગ હસ્તકના ગુજરવાડા-ધધાણા રોડ કિ.મી. ૦/૦ થી ૭/૭૦૦ વચ્ચે રસ્તા પર સી.સી.રોડની પી.ક્યુ.સી. (સી. સી.રોડ) ની કામગીરી શરૂ થનાર હોઈ આ રસ્તા પરના તમામ પ્રકારના વાહનોનો ટ્રાફીક બંધ કરી તમામ પ્રકારના વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ ગુજરવાડા-ધધાણા રોડ કિ.મી. ૦/૦ થી ૭/૭૦૦ વચ્ચેના રસ્તા ઉપરથી તમામ વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા સદર સમયગાળા દરમ્યાન નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

| ૧. | રૂટ | રસ્તાનો પ્રકાર | અંતર |
|---|---|---|---|
| | ધધાણા-કુંભાણા-એકલવા-ચાબખા-સરવાલ (કુલ લંબાઈ: ૧૫.૦૦ કિ.મી. -રાધનપુર- હારીજ-મહેસાણા રોડ સરવાલ જંકશન સુધી)<br>(તમામ વાહનો માટે) | એમડીઆર | ૧૫.૦૦૦ કિ.મી. |
| ૨. | સરવાલ-જંકશન થી સમી-જંકશન | એમડીઆર | ૮.૦૦૦ કિ.મી. |

**અમલવારીનો સમયગાળો**

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

**શિક્ષા**

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યક્તિ / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણ કે ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવા અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ "રોડ બંધ છે" અને "ડાયવર્ઝન" જેવા સાઈન બોર્ડ તથા દિશા નિર્દેશ કરતા ચિહ્નો જે તે સ્થળોએ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણએ મુકવાના રહેશે.

આજ રોજ તારીખ : ૨૯/૧૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

**તુષાર ભટ્ટ**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

-------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.19 17:09:49 IST